UGC Approved Journal No:- 62819 ISSN: 2319-202X

# સંસ્કૃત સંરક્ષણના વિવિધ ઉપાયો

**પ્રા. ડૉ. મધુસૂદન એમ. વ્યાસ**
અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ, આર્ટ્સ કોલેજ, શામળાજી.
મો. ૯૪૨૭૬૯૩૫૫૪
vyasmm105@gmail.com

સાંપ્રતકાળમાં હવે ભાષા-સાહિત્યનું અધ્યયન દુર્લભ બનતું જાય છે. ત્યારે સંસ્કૃત સંરક્ષણ અંગે વિચારવું પ્રાસંગિક બની રહે છે. આજકાલ વોટ્સએપ અને બીજા સમુદાય પ્રસાર માધ્યમો થકી સરકાર અને બીજી શ્રેષ્ઠ ગણવાની જાણે કે હોડ-સ્પર્ધા જામી છે ત્યારે ચિત્તને સ્થિર કરીને હજારો વર્ષ જૂની આ દેવવાણીને માટે, સંસ્કૃતને માટે માત્ર બાહ્ય રીતે જ નહિ આંભ્યંતર વિચાર કરીને એના આંતરસત્યને ખોલી આપવાના કે ભાષાસાહિત્યને બચાવનારા ઊંડા સાધક બનવાની આવશ્યક્તા છે. કહો કે આધ્યાત્મિક પ્રયત્ન આવશ્યક છે.

એ માટે અત્યારના કે જૂના હિન્દી ફિલ્મોના ગીતોનું સંસ્કૃત કરીને ગાવું-ગવડાવવું પૂરતું નથી આવા પ્રકારના બાલિશ પ્રયત્નો થકી ક્યારેય સંસ્કૃતનો ઉદ્ધાર થવાનો નથી. કારણ કે એવું ગીત ગવાતું-વાગતું હોય ત્યારે એના મૂળ ગીત તરફ જ શ્રવણકર્તાનું ધ્યાન રહેતું હોય છે. નહિ કે એના અનુવાદ પરત્વે.

બીજું સંસ્કૃતને કોઇ જાતિવિશેષ સાથે સંબંધ છે. એવું માનીને અધ્યાવધિપર્વના કામ થયું છે. કિન્તુ નવા જમાનામાં ભારતવર્ષના તમામ લોકોની આ જનની છે એવું ગણીને એને તમામ જાતિના લોકો સુધી પહોંચાડવી ઘટે. એમાંના સુંદર સુંદર અને અપ્રચલિત સુભાષિતો કે વેદમંત્રોને શોધી શોધીને લોકકલ્યાણમાં એનો વિનિયોગ કરવો. ઘટે. ઉપરાંત લાયન્સ, જાયન્ટ્સ, જેસીઝ વગેરે કલબોના સભ્યો માટેના વર્ગો ચલાવવા ઘટે અથવા વૃદ્ધજનોના મંડળો (સિનીયર સિટીઝન મંડળ ઇત્યાદી) વગેરે સમૂહોમાં સંસ્કૃતની ભવ્યતા અંગેના અભ્યાસવર્ગો, વ્યાખ્યાનો કે ઉપનિષદ કથાઓનું આયોજન કરીને લોકોને સંસ્કૃત પ્રત્યે અભિમુખ કરી શકાય.

સંસ્કૃતના અધ્યાયન થકી એકાગ્રતા વધે છે એથી એ રીતે સંસ્કૃતનું અધ્યયન-અધ્યાપન કલાર્ક વગેરે વ્યવસાય સાથે સંકળાયેલા લોકોને માટેના વર્ગોનું આયોજન પણ થવું ઘટે. ઉપરાંત માનસિક શાંતિના સચોટ ઉપાય તરીકે પણ સંસ્કૃતનો અભ્યાસ થવાનો શેષ છે. આથી દોડધામભરી દૈનિક જિંદગીમાં સંસ્કૃતના સ્તોત્રો-શ્લોકો મનોશાંતિ અર્પે છે તેથી આમાં રસ ધરાવનારાઓ માટે વિવિધ છંદોના આશ્રયે સંસ્કૃત શ્લોકોનું ગાન કરાવવું ઘટે.

બાળકોને માટે સાંધ્યવર્ગોનું આયોજન કરીને પણ સંસ્કૃતનો પ્રચાર-પ્રસાર થાય તો બાળકોની સંગાથે એમના માતા-પિતા પણ સંસ્કૃતાભિમુખ બનશે. તમજ ભારતીય સંસ્કારોનો વારસો કેવો ભવ્ય છે એનું અવાંતર શિક્ષણ મળશે.

સંસ્કૃત શિક્ષણના જુદા જુદા તાલીમ વર્ગો બહેનો માટે પણ આયોજિત કરી શકાય. તેમજ વૈષ્ણવધર્મ અને વિવિધ ધર્માવલંબી સ્ત્રીઓના સમૂહને વિવિધ સ્તોત્રોના ગાન કરાવડાવીને સંસ્કૃતના અધ્યયન તરફ વાળી શકાય. ધર્મના માધ્યમ થકી આ રીતે સંસ્કૃતને પ્રચાર-પ્રસાર કરવા પ્રયાસોમાં વિવિધ ધર્માચાર્યોનો ટેકો મળી શકે. જૈન ધર્મ સાથે સંકળાયેલી બહેનો માટે ભક્તામર સ્તોત્ર વગેરેના સમૂહ પાઠોનું આયોજન થાય અને એ સ્તોત્રોના અર્થનિર્દેશ પણ પાઠગાન સંપન્ન થયે કરાવવામાં આવે તો સંસ્કૃતના નવા આયામ ખુલે.

સત્યાનારાયણ કથા, ભગવત કથા, રામાયણ કથા વગેરેના માધ્યમ થકી સાચી ધર્મભાવના પ્રગટાવી શકાય અને સંસ્કૃતના એ ગ્રંથોના શ્લોકોના રહસ્યો લોકો સમક્ષ પ્રગટાવી શકાય. નિ:સ્વાર્થે કરવામાં આવેલા કાર્યો-પ્રયોગો થકી સંસ્કૃતનો સાચો-સારો પ્રસાર થશે.

લોકોને જાતકર્મ-જન્મથી લઇને વિવિધ વિધિઓના શ્લોકોનો સાચો અર્થ સમજાવીને એ અંગેના સ્વસ્તિક ઇત્યાદિ પ્રતીકોનો મર્મ દર્શાવવો ઘટે જેથી હિન્દુ ધર્મની સાથે સંકળાયેલી પ્રસ્તુત ભાષા કેટલી સાર્વભૌમ છે એની પ્રતીતિ સહુને થાય.

સંસ્કૃત સ્તોત્રો અને છંદોમાં જે સંગીતનું તત્ત્વ ભરેલું છે તેનો વિનિયોગ યોગ્ય રીતે કરીને લોકોને સાંગીતિક રુચિવાળા બનાવી, સંસ્કૃતના પ્રચાર-પ્રસારમાં સામેલ કરી શકાય. જેને લીધે માત્ર પશ્ચિમનું કે ધમાલિયું સંગીત આંતર-બાહ્ય સ્વાસ્થ્ય માટે કેટલું હાનિકારક છે એ સમજાય.

પ્રાથમિકથી લઇને ઉચ્ચ શિક્ષણના સંસ્કૃતના અધ્યયન-અધ્યાપનમાં કોર્ષમાં વિષય વૈવિધ્ય દાખવીને રસપૂર્વક વિષયનું અધ્યાપન પણ એક આકર્ષક પરિબળ બની શકે. આ માટે સંસ્કૃતના નિવૃત્ત અધ્યાપક-ભાઇ-બહેનોનો સહયોગ લઇને સંસ્કૃતનું સંરક્ષણ કરી શકાય.

વિવિધ પ્રકારની નીતિકથાઓ, બોધકથાઓનો આશ્રય લઇને સંસ્કૃતનો પ્રચાર-પ્રસાર થઇ શકે છે. અંગેના ઘણાં ગ્રંથો કે અજાણી છતાં ટૂંકી વાર્તાઓને લોકો સમક્ષ લઇ જવાની જરૂર છે.

આયુર્વેદનાં વિવિધ ઔષધોના નામકરણ કઇ રીતે સંસ્કૃતમય છે એનો દિશાનિર્દેશ કરીને લોકોને આયુર્વેદ તરફ વાળી શકાય અને સંસ્કૃત તરફની પ્રીતિ વધારી શકાય.

આમ સંક્ષિપ્તમાં જોઇએ તો સંસ્કૃતને નવા જમાનાને અનુરૂપ રીતે ભણાવવાથી અને નિ:સ્વાર્થપણે એનો પ્રચાર-પ્રસાર કરવાથી ભાષાનું સાચું આંતરસત્વ સમાજના વિવિધ વર્ગોમાં ફેલાશે અને ભારતીય સંસ્કૃતિનું સંરક્ષણ કરાવનાર સંસ્કૃત મૃતસંજીવની બની રહેશે.